ખો-કબડ્ડી ચેમ્પિયન પટના પાપરેટ્સે સાંઈ ખાતે સઘન કોચિંગ મેળવ્યું

૩૦ દિવસનો કેમ્પ પતાવી આજે ટીમ પરત જવા રવાના થઈ : ટીમમાં ઘણા પ્રો-કબડ્ડી સ્ટાર ખેલાડીઓ પણ આવ્યા હતા

ગાંધીનગર, તા. ૨૩

શનિવારથી ભારતની પરંપરાગત રમત કબડ્ડીના નવા પ્રોફેશનલ અવતાર પ્રો-કબડ્ડીની ચોથી સીઝનનો પ્રારંભ થઈ રહ્યો છે. ગત સીઝનની વિજેતા ટીમ 'પટના પાપરેટ્સ' ગાંધીનગરના સાઈ ખાતે ૩૦ દિવસનો સઘન તાલીમ-કોચિંગ કેમ્પ પતાવી આજે રવાના થઈ હતી. આ ટીમમાં પ્રો-કબડ્ડીના ઘણા સ્ટાર ખેલાડીઓ સામેલ હતા અને ટીમના કપ્તાન તથા કોચે આ સીઝનમાં તાજ જાળવી રાખવા આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

પ્રો-કબડ્ડીની સીઝન-૩માં પટના પાપરેટ્સની ટીમે ધમાકેદાર પરપોર્મન્સ કરી ટૂર્નામેન્ટ જીતી લીધી હતી. જો કે હાલ આ ટીમમાં ઘણા ફેરફારો થયા છે તેમાં સૌથી મહત્વનો ફેરફાર યુ-મુમ્બા ટીમમાંથી ઈરાનની કબડ્ડી ટીમનો કેપ્ટન ફૈઝલ અત્રાચલી પટનાની ટીમમાં આવ્યો છે. વર્તમાન ટીમના કપ્તાન કાર્તિકે તેમની ટીમમાં ઘણા ઓલરાઉન્ડર્સ હોવાથી આ વખતે પણ ટાઈટલ જીતવા પ્રબળ દાવેદાર હોવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે. ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સાઈ સંકુલ ખાતે ૩૦ દિવસનો કેમ્પ પતાવી પરત ફરી રહેલી પટના પાપરેટ્સની ટીમમાં ઘણા પ્રો.કબડ્ડી સ્ટાર રહેલી પટના પાપરેટ્સની ટીમમાં ઘણા પ્રો.કબડ્ડી સ્ટાર ખેલાડીઓ સામેલ હતા જેમાં પ્રદીપ નરવાલ, રાજેશ મોડેલ, બાજીરાવ હોડગે તથા સુરજીત સીંઘ વગેરેનો સમાવેશ થાય છે.

સાઈ ખાતે અત્યાધુનિક સુવિધાઓ એક જ સંકુલ હેઠળ હોઈ તેમની ટીમ એક સાથે ચાર સેશનમાં પ્રેકટીસ કરી શકતી હતી અને પ્રેકટીશ બાદ સોના બાથ, સ્ટીમ બાથ વગેરે લઈ રીફ્રેશ પણ થઈ શકતા હતા. પ્રો-કબડ્ડીને હવે યુરો કપ જેટલી ટીઆરપી જે વિશ્વમાં આઈપીએલ પછી બીજા ક્રમે આવે છે તેટલી મળી હોવાનો દાવો કરતા કપ્તાને કબડ્ડીના નવા અવતારથી યુવા ખેલાડીઓનું ભવિષ્ય સુધરી રહ્યુ હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. ટીમ સાથે સામેલ કોચ અર્જુન સીંઘે પણ તેમની ટીમ સમતોલ હોવાના દાવા સાથે કોચિંગમાં તેમણે ટેકનિક, કોમ્યુનિકેશન અને ડિફેન્સ પર ધ્યાન આપવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું. તેમણે પણ ફરીથી ટાઈટલ જીતવાનો દાવો વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર હોમિયોપેથી એસોસિએશન પણ સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાયેલ વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં જોડાયું હતું. આ એસોસિએશનના ઉપ તબીબોએ વહેલી સવારથી કાર્યક્રમમાં ઉપસ્થિત રહી યોગ-પ્રાણાયામ કર્યા હતા. આ કાર્યક્રમમાં ભાગ લેવા કેટલાક તબીબોએ અગાઉથી યોગ શિબિરમાં તાલીમ મેળવી લીધી હોવાનું એસોસિએશનના પ્રમુખ ડૉ. વિજય જોગીએ જણાવ્યું હતું.

વરસાદ ન વરસતા ઉકળાટ વધ્યો

મહત્તમ તાપમાનમાં ચાર ડિગ્રીનો વધારો : વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદની જોવાતી રાહ

ગાંધીનગર, તા. ૨૩

શહેરમાં ગઈકાલે વરસાદી માહોલ છવાયા બાદ આજે આખો દિવસ વાદળોની અવરજવર રહી હતી પરંતુ વરસાદનો એકેય છાંટો ન પડતાં વસાહતીઓ ગરમીથી કંટાળી ગયા હતા. મહત્તમ તાપમાનમાં ચાર ડિગ્રી જેટલો વધારો થયો હતો.

છેલ્લા બે-ત્રણ દિવસથી શહેરમાં વરસાદી માહોલ બંધાયો છે. શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારો તથા જુના સેક્ટરોમાં સારૂ એવુ વરસાદી ઝાપટુ પણ પડ્યુ હતુ. આજે વરસાદ પડશે તેવી અપેક્ષા વાદળોની અવરજવર જોઈ બંધાઈ હતી. જો કે બપોર બાદ વાદળો વિખેરાઈ ગયા હતા. વાદળો વિખેરાઈ જતા આકરો તાપ અનુભવાયો હતો. જેના કારણે ગરમી વધી હતી. મહત્તમ તાપમાનમાં ચાર ડિગ્રી જેટલો વધારો થતાં ભારે ઉકળાટ અનુભવાતો હતો. વાદળોની અવજવર વચ્ચે આજે મહત્તમ તાપમાન ૩૮.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૯.૦ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૬ ટકા અને સાંજે ૪૫ ટકા રહ્યુ હતું.

૩૫ વર્ષની યુવા ભાજપે સો વર્ષની કોંગીને દેશથી ખદેડી

મહેસાણામાં ભાજપ કારોબારીમાં મુખ્યમંત્રીનું ઉદ્બોધન ૬ઠ્ઠી સુધી સંગઠનાત્મક કાર્યક્રમોની જાહેરાત પણ કરાઈ

અમદાવાદ, તા.૨૩

ભાજપ પ્રદેશ કારોબારીના બીજા દિવસના પ્રારંભે આજે પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પ્રદેશ પ્રભારી ડૉ.દિનેશ શર્મા, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરષોત્તમભાઈ રૂપાલાએ ૨૩ જુન બલિદાન દિવસ નિમિત્તે ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીને શ્રદ્ધાસુમન અર્પ્યા હતા અને પ્રદેશ મહામંત્રી ભરતસિંહ પરમારે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીનું જીવનકવન કારોબારી સમક્ષ રજુ કર્યું હતું. મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મહેસાણા કારાબારીમાં કાર્યકર્તાને ત્યાં રાત્રિ નિવાસની પરંપરાને ભવિષ્યમાં પણ જાળવી રાખવાના સુચન સાથે પારિવારીક માહોલથી સરકારનો સંદેશો ઘેર-ઘેર પહોંચશે તેમ જણાવી કહ્યું હતું કે, આ વિચાર આપણને નરેન્દ્રના અલ્હાબાદની રાષ્ટ્રીય કારોબારીના વક્તવ્યમાં જણાવેલ કાર્યકર્તાની ભુમિકાનો એક હિસ્સો છે. પ્રદેશ કારોબારીના ઠરાવો અને વિગતો જિલ્લા કારોબારીમાં પણ મુકવા સાથે સ્થાનિક કક્ષાએ થયેલા વિકાસના કામોનો પરિચય જિલ્લાના કાર્યકર્તાઓને થાય તેવું ગોઠવવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કાર્યક્રમો અને પ્રવૃત્તિઓથી કાર્યકર્તા ઘડાય છે. તેથી જ તો ૩૫ વર્ષની યુવાન ભાજપે ૧૦૦ વર્ષથી વધુ ઉંમરની કોંગ્રેસને સમગ્ર દેશમાં ખદેડી છે. સંગઠન શક્તિ જ આ શક્ય બન્યું છે. મુખ્યમંત્રી સંગઠનની તાકાતનો વિષય રજુ કરતાં જણાવ્યું હતું કે, રેતીના ઝીણા ઝીણા કણોમાંથી બનેટી ઈંટ ઈમારતનું નિર્માણ કરી શકે છે. કારણ સામૂહિકતા તાકાત છે. સાપ સીડીની રમતની જેમ સદ્ગુણો આપણને ઉપર લઈ જાય છે, સેવાના રસ્તે ઉપર જવાય છે. જીવનની બાબતો શીખવાની આ રમત છે. મુખ્યમંત્રીએ સરકારની યોજનાઓ પાછળના હેતુને જણાવતાં કહ્યું હતું કે, સકારાત્મક વિચારો, સંવેદના જરૂરી છે. સરકાર આ રીતે વિચારે છે. આરોગ્યની સેવાઓ પાછળ સંવેદના છે. પીવાના પાણી માટે ગુજરાતના તમામ ગામમાં આયોજન કર્યું છે. રોજગારીનું સર્જન કર્યું છે. રાજયમાં ચીન કરતા પણ વધુ રોકાણ એ સરકારની પ્રતિબદ્ધતાની નિશાની છે. પ્રદેશ કારોબારીના સમાપન સત્રમાં ઉદ્બોધન કરતાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે, એક બનીયે, નેક બનીયે. આપણો સ્વાર્થ ન જોતાં બીજાની પણ ચિંતા કરીએ. નરેન્દ્ર મોદીએ આપેલ સાત સ ને આત્મસાત કરીયે. પ્રદેશ કારોબારીમાં સવારના સત્ર પહેલા પ્રદેશ પ્રમુખ, મુખ્યમંત્રી દ્વારા હમણાં રાજયસભામાં ચૂંટાયેલા પરષોત્તમભાઈ રૂપાલા, તાલાલાના ધારાસભ્ય ગોવિંદભાઈ પરમાર અને ગાંધીનગરના મેયર સહિતના હોદ્દેદારોનું તથા પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યાનું જન્મદિવસ નિમિત્તે પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. રાજયસરકારના મંત્રી નીતિનભાઈ પટેલે રાજકીય પ્રસ્તાવ રજુ કરી કોંગ્રેસના કાળા કરતુતોને કારોબારી સમક્ષ રજુ કર્યા હતા. નીતિનભાઈ પટેલના મુકેલા રાજકીય પ્રસ્તાવને ટેકો આપતા પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યાએ કોંગ્રેસની માનસિકતા અને કોંગ્રેસનો વિચાર દેશના હિતમાં નથી તેમ જણાવી ભારતીય સંસ્કૃતિ પર કોંગ્રેસે કેવા કુઠારાઘાત કર્યા છે તેનો ઉદાહરણો આપ્યાં હતા. રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને રાજયસભાના સાંસદ પરષોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, કારોબારી મહેસાણામાં વટ કે સાથ યોજાઈ રહી છે. તે ખુબ આનંદની વાત છે. આવનારા સમયના પડકારને ઝીલવા માટે આપણે સૌ સમય દાન કરી પક્ષનો વ્યાપ વધારીએ. સમય દાન થકી આપણા કાર્યને દિપાવી શકીશું. બલિદાન દિને મુખર્જીને અર્જંલિ આપતા તેમણે જણાવ્યું હતું કે, આઝાદી પછી પણ બલિદાન આપવામાં ભાજપ મોખરે રહ્યો છે. ભાજપ સિવાય કોઈ પક્ષ કાશ્મીર અંગે આદોલન કરતું નથી.

પાલનપુરમાં કોંગ્રેસ દ્વારા મોંઘવારીના વિરોધમાં બેનરો સાથે રેલી યોજી

કેન્દ્રની ભાજપ સરકારના શાસનમાં વધતી જતી મોંઘવારીના વિરોધમાં જિલ્લા કોંગ્રેસ દ્વારા પાલનપુર શહેર શાકમાર્કેટમાં ભાજપ સરકારના વિરોધમાં બેનરો સાથે રેલી યોજી હતી. હાલમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના અસહય ભાવ વધવાને લીધે સામાન્ય માનવીને જીવનનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની ગયું છે ત્યારે આજે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ દ્વારા શાકભાજીમાં થઈ રહેલા ભાવ વધારાના મુદ્દે સિમલા ગેટ પાસે વિરોધ પ્રદર્શન કરાયું હતું તેમજ ભાજપ સરકારની નીતિઓ સામે સૂત્રોચ્ચાર કરાયા હતા. છેલ્લા કેટલાક સમયથી શાકભાજીના ભાવોમાં આગ ઝરતી તેજીને પગલે આજે જિલ્લા કોંગ્રેસ દ્વારા કેટલાક સ્થાનિક ટેકેદારો તેમજ અગ્રણીઓ દ્વારા શાકભાજીના તોરણ બનાવી વિરોધ પ્રદર્શન કરાયું હતું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આગામી સાત દિવસ સુધી અલગ અલગ કાર્યક્રમો આપી સરકારની નીતિઓનો વિરોધ કરવાની શરૂઆત કરી છે તેમજ ગુજરાતની ભાજપ સરકાર તેમજ મુખ્ય પ્રધાન દ્વારા આ મુદ્દે તાત્કાલિક અસરકારક પગલાં ભરવાની સ્થાનિક કોંગ્રેસી આગેવાનોએ માંગ કરી હતી.

આચાર્યશ્રી તુલસી મહાપ્રયાણ દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે તેરાપંથના બહુઆયામી પ્રતિભા ધરાવતા આચાર્ય શ્રી તુલસી નૈતિક ક્રાંતિના પ્રણેતા હતા. આચાર્ય તુલસીએ સામાજિક પરિવર્તન માટે જન સાધારણના નૈતિક ઉત્થાનનું આંદોલન ચલાવ્યું હતું. તેમણે અણુવ્રત આંદોલનનો પ્રારંભ ૧૯૪૭માં કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ આજે રાજભવન ખાતે તેરાપંથના આચાર્ય શ્રી તુલસીના ૨૦મા મહા પ્રયાણ દિવસના ઉપલક્ષ્યમાં આચાર્ય તુલસી-મહાપ્રજ્ઞ વિચાર મંચ, અમદાવાદ દ્વારા આયોજિત કાર્યક્રમમાં સંબોધન કરી રહ્યા હતા.

પૂજ્ય મુનિશ્રી રાકેશ કુમારજીએ આર્શીવચન આપતાં જણાવ્યું હતું કે આચાર્ય શ્રી તુલસીએ અંધકારમાં ભટકતા માનવીઓને આધ્યાતમિક ઉત્કર્ષનો માર્ગ દેખાડ્યો હતો અને તેમણે જીવન નિર્માણ માટે સ્વર્ણિમ સૂત્રો આપણને આપ્યા છે જેનું આપણે જીવનમાં અનુસરણ કરીએ.

વિખ્યાત સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ જણાવ્યુ હતુ કે આચાર્ય તુલસી આધ્યાત્મિક અને સામાજિક નવચેતના જગાવનાર મહાન સંત હતા. નવનીત પત્રિકાના સંપાદક અને સાહિત્યકાર વિશ્વનાથ સચદેવે જણાવ્યું હતું કે આચાર્ય તુલસીએ આપણને મનુષ્ય બનવા માટેનું સૂત્ર પ્રદાન કર્યું છે.

આચાર્ય તુલસી પર પૂજ્ય મુનિ શ્રી દિપકકુમારે મનનીય પ્રવચન કર્યું હતું. શ્રીમતી મીનાક્ષી ભુતડીયાએ સ્તુતિગાન કર્યું હતું. આ પ્રસંગે સાધ્વી કનકપ્રભાજી દ્વારા સંપાદિત પુસ્તકોનું પણ વિમોચન રાજ્યપાલશ્રીએ કર્યું હતું.

પ્રારંભમાં આચાર્ય શ્રી તુલસી મહાપ્રજ્ઞ મંચના અધ્યક્ષ રાજકુમાર પુગલિયાએ સૌનું સ્વાગત કરી આચાર્ય શ્રી તુલસીને સ્મરણાંજલિ અર્પી હતી.

કોંગ્રેસ આજથી મોંઘવારી સામે જંગ માંડશે

ગુજરાત કોંગ્રેસ દ્વારા અસહ્ય મોંઘવારી સામે એક સપ્તાહ સુધી તાલુકા અને શહેર મથકે વિવિધ કાર્યક્રમો યોજવાની જાહેરાત કરી છે. જેના ભાગ રૂપે જિલ્લા કોંગ્રેસ અને શહેર કોંગ્રેસના ઉપક્રમે જિલ્લા પંચાયત ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ નિરીક્ષક અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક બળવંતસિંહ રાજપૂત, રમેશભાઈ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોરની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં જિલ્લાના ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર, કામીનીબા રાઠોડ, ઉપરાંત જિલ્લા આગેવાનો સર્વ નિશીત વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. સી.જે. ચાવડા, હરિભાઈ ચૌધરી, વી.વી. રબારી, સુરેશભાઈ પટેલ, તાલુકા-શહેર કોંગ્રેસ પ્રમુખો, તાલુકા-જિલ્લા પંચાયત પ્રમુખ -સદસ્યો, નગરપાલિકા નેતાઓ, યુથ કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. મહિલા કોંગ્રેસ, સેવાદળ વિવિધ સેલ અને ડીપાર્ટમેન્ટ વડાઓ અને વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ પ્રદેશ કોંગ્રેસના સાત દિવસના વિવિધ કાર્યક્રમોની સફળ બનાવવા હાંકલ કરી હતી. આ પ્રસંગે નવનિયુક્ત નિરીક્ષકોનું જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને જિલ્લા પંચાયતના પ્રમુખ બુકે આપી સન્માન કર્યુ હતુ. બેઠકના અંતે આભાર વિધિ અરવિંદસિંહ સોલંકી એવું એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે શાળામાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

સેકટર-૭સ્થિત જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ચાર્ટ બનાવવાની સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વકતૃત્વ સ્પર્ધામાં માધ્યમિક વિભાગના જયદીપ ભટ્ટ, યશપાલ પ્રજાપતિ, તુષાર ચૌહાણ, વૈભવ દંતાણી તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સૃષ્ટિ પરમાર, રોશની રાજપુત વિજેતા બન્યા હતા તેમજ ચાર્ટ બનાવવાની સ્પર્ધામાં માધ્યમિક વિભાગના રવિ પ્રજાપતિ, આદિત્ય આહિર, અતુલ જાદવ તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના દૃષ્ટિ પટેલ, એકતા પટેલ વિજેતા બન્યા હતા. આ પ્રસંગે આચાર્યા પ્રવિણાબેન ચૌધરીએ પ્રસંગને અનુરૂપ વકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન ઉષાબેન દરજી અને માલતીબેન ભટ્ટે કર્યું હતું.

સંરક્ષણ સોદા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાફલાની ખરીદી કરવાના પાસા પર પણ ચર્ચા કરવામાં આવનાર છે. માનવામાં આવે છે કે સરહદ પારથી ત્રાસવાદીઓની ઘુસણખોરીને રોકવા માટે પણ કેટલાક નક્કર પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે.

ત્રાસવાદ પર અંકુશ મુકવા માટે ડોન્સ ઉપયોગી સાબિત થઈ શકે છે. ઈઝરાયેલ પાસેથી સશસ્ત્ર ટીપી ડ્રોન્સની ખરીદી કરવા માટે ગયા વર્ષે લીલીઝંડી આપી દેવામાં આવી હતી. જો કે આ સોદાબાજીને હજુ સુધી આખરી ઓપ આપવામાં સફળતા મળી નથી. ભારતની પાસે અમેરિકામાં બનેલા પ્રીડેટર આર્મ્ડ ડ્રોન કરવા માટે પણ વિકલ્પ છે. આ ઉપરાંત રશિયા પાસેથી ૬.૧ અબજ ડોલરના એસ ૪૦૦ હવાઈ સુરક્ષા વ્યવસ્થા ખરીદવા માટે પણ વિકલ્પ છે. આનાથી ભારતની સુરક્ષા વ્યવસ્થામાં અનેક ગણો વધારો થઈ શકે છે. કેટલીક અન્ય ખરીદી યોજના પણ રહેલી છે. તમામ પર વિચારણા બેઠકમાં કરવામાં આવનાર છે. શનિવારે યોજાનારી બેઠકમાં અન્ય પાસા પણ ચમકશે. ભારતીય હવાઈ દળ ઈન્ડો-ઈઝરાયેલી લાંબા અંતરના હવાથી પ્રહાર કરવાની ક્ષમતા ધરાવનાર મિસાઈલ ખરીદવા ઉપર પણ ભાર મુકી રહ્યું છે. બીજી બાજુ બોઈંગ ૭૭૭ના ખાસ વિમાનની ખરીદીનો મામલો પણ અટવાયેલો છે. આના ઉપર પણ ચર્ચા વિચારણા થશે. એસ-૪૦૦ રેંજની ૩૦૦ કિલોમીટરથી વધારેની પ્રહાર ક્ષમતા ધરાવનાર સાધનોની ખરીદી કરાશે. સેના માટે એમ-૭૭૭ ખુબ જ હળવા હોવિત્ઝર ખરીદવાના ૭૦૦ બિલિયન ડોલરનો મામલા ઉપર પણ જાન્યુઆરી બાદથી વાત આગળ વધી નથી. સેના દ્વારા વર્ષ ૨૦૧૦થી કેટલીક માંગ કરી રહી છે પરંતુ તેની માંગણી પુરી થઈ નથી.

મહત્વપૂર્ણ વાતચીત ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ભારતની દાવેદારીને ટેકો આપવા તમામ દેશો ઉપર દબાણ લાવી રહ્યું છે. મોટાભાગના દેશો ભારતની સાથે આવી ચુક્યા છે જેમાં સ્વિત્ઝર્લેન્ડ, જાપાન, અમેરિકા, રશિયા સહિતના દેશોનો સમાવેશ થાય છે. બ્રિટન પણ ભારતની સાથે છે. મેક્સિકોએ પણ ભારતને ટેકો આપ્યો છે. અગાઉ પાકિસ્તાનના પ્રમુખ મમનુન હુસૈન પણ શી જિંગપિંગને મળ્યા હતા અને એનએસજી મેમ્બરશીપ માટે પાકિસ્તાનના કેસને ટેકો આપવા બદલ ચીનનો આભાર માન્યો હતો. ભારતના એનએસજી દાવેદારીના મુદ્દે વિરોધ નોંધાવીને ચીને ગઈકાલે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, એનએસજીના સભ્ય દેશોની અંદર વ્યાપક મતભેદ છે. એટોમિક ટ્રેડિંગ ક્લબની અંદર મેમ્બરશીપ માટે ભારતની અરજી ઉપર હવે વિચારણા કરવામાં આવનાર છે. અમેરિકા અને ફ્રાંસે આ બેઠક શરૂ થાય તે પહેલા ભારતના કેસને ટેકો આપી દીધો છે. સાથે સાથે નવી દિલ્હીને ટેકો આપવા અન્ય સભ્ય દેશોને પણ અપીલ કરી છે. ચીન દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.

ભારતના કેસને લઈને ચીન દ્વારા કેટલાક મુદ્દા રજૂ કરવામાં આવ્યા છે. આશરે ૨૦ જેટલા દેશો ભારતને સ્પષ્ટપણે ટેકો આપી ચુક્યા છે. એનએસજીમાં સામેલ કરવાના મુદ્દે સર્વસંમતિથી નિર્ણય કરવામાં આવનાર છે. તાસ્કન્તમાં મોદી અને જિંગપિંગ વચ્ચેની વાતચીતને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. મોદી સાથેનીવાતચીતમાં ચીની પ્રમુખે કેટલાક મુદ્દા રજૂ કર્યા હતા. ભારતના દાવા ઉપર હવે સિયોલમાં મંત્રણા થશે. એનએસજી માટે ભારતની અરજી સ્થાનિક સમય મુજબ આજે સવારે રજૂ કરવામાં આવી હતી. આજે જ પાકિસ્તાને પણ એનએસજી સભ્યપદ માટે ચીની સમર્થન બદલ આભાર માન્યો હતો.

લિમ્કા બુક ઓફ રેકોર્ડ્ઝ... ● ત્રીજા પાનાનું ચાલુ

પ્રયોગાત્મક શિક્ષણના અનેકવિધ સારા અને શ્રેષ્ઠત્તમ પરિણામો પ્રાપ્ત થયા. હવે બાળક માટે કાઉન્સીલીંગ સેન્ટર તેમજ સમયદાનનો તેમજ સર્જનાત્મક લેખન માટેનો અનોખો યજ્ઞ આરંભ્યો છે.

પ્રિતી ગાંધીએ જણાવ્યુ હતુ કે અસાધ્ય બિમારીના કષ્ટને હું આ પ્રવૃત્તિથી વિસરી ગઈ પણ મને આનંદ એ વાતનો છે કે અમેરિકાની એક સોફ્ટવેર કંપનીના સીઈઓ "જ્યોતિ"એ મારા આ પ્રોજેક્ટને વધુ પ્રેરણાબળ પુરૂ પાડ્યુ અને કાઉન્સીલીંગ સેન્ટર ડેવલપ કરવા માટે તમામ જરૂરી સહયોગની વાત કરી છે.

તેમણે જણાવ્યુ હતુ કે ગ્રંથ મંદિર માટે ઈફ્કો કલોલ, અમૃતભાઈ પટેલ, મહેશ વ્યંકટેશ, આઈ.આર.એસ. સેવાના અધિકારી આર.કે. ગુપ્તા સાહેબ, મારા સાથી શિક્ષકો સહિત રોટરીક્લબ કલોલના સહયોગે મને જે બળ પુરૂ પાડ્યુ છે તેને કારણે એક સરકારી શાળામાં ચાલતો આ ગ્રંથમંદિર પ્રોજેક્ટ એશિયાબુક ઓફ રેકર્ડઝ અને લિમ્કાબુક ઓફ રેકર્ઝમાં સ્થાન પામેલ છે. તેમણે કહ્યું કે કાકાસાહેબ કાલેલકર કહેતા હતા ને "કેળવે તે કેળવણી" બસ મારે બાળકને વાંચન થકી વૈચારિક ક્રાંતિનું વાહક બનાવવુ છે. મારૂ બાળક જ્ઞાનમાં પછાત નહિ પણ શ્રેષ્ઠત્તમ પુરવાર થવુ જોઈએ એજ મારી અંતર ઈચ્છા છે.

મારા ખુદના બે સંતાનો માટે પણ મેં મારા ઘરમાં તેમના પ્રકૃતિ પ્રેમ અને વાણિજ્યને લઈ અલગ લાયબ્રેરી બનાવી આપી છે. મારા પતિ યોગેશભાઈ જે સી.આર.સી. પણ છે. તેમજ ડૉ. ટી.એસ. જોષી સાહેબ, આઈ.આઈ.એમ.ના પ્રો. અનિલ ગુપ્તા, તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી રાઠોડે પ્રેરણા અને માર્ગદર્શન આપ્યુ છે તે ક્યારેય વિસારી શકાય તેમ નથી.

પ્રિતીબેન ગાંધીએ તેમની વાતચીતના અંતમાં એક સરસ્વતી સાધનાની શ્રેષ્ઠ પંક્તિઓ ગુનગુનાવી કહ્યું કે... દેવી શારદ સરસ્વતીના મંદિરીએ જઈએ.. કાલિદાસને કાવન કીધા, ભોજ ભાવને દર્શન દીધા, બ્રહ્મચારીણી ભગવતી કેરા આશ્રમમાં રમીએ, રમીએ...

પોલીસની મદદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહેલા કંટ્રોલરૂમમાં ફોન જાય ત્યાર બાદ ત્રણ કલાકમાં મેસેજ કન્વે થયા બાદ પીસીઆર સુધી મેસેજ જતા હતા અને ત્યાર પછી લોકેશન પર પીસીઆર પહોંચતી હતી. જેને કારણે ૧૫ થી ૨૦ મીનીટ થઈ જતી હતી તેટલા સમયમાં ગુનેગાર ક્યાય રફુચક્કર થઈ ગયો હોય અને શક્ય છે કે મોટો કાઈમ પણ બની ગયો હોય..! હવે આ રીસ્પોન્સ કાઈમને પાંચ મીનટની અંદર લઈ જવાનો પ્રયત્ન ટેકનોલોજીની મદદથી ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે કર્યો છે. હવે કંટ્રોલરૂમમાં ભોગ બનનાર વ્યક્તિનો કોલ આવશે એટલે કોલરની લોકેશન પુછીને તેની નજીકમાં કઈ પીસીઆર વાન પડી છે તેનું જીપીએસ મારફતે લોકેશન જોવામાં આવશે. ડાયરેક્ટ તે પીસીઆરના પોલીસ જવાનને જ કંટ્રોલમાંથી ફોન કરી લોકેશન પર પહોંચવા આદેશ કરવામાં આવશે અને જેને કારણે પાંચ મિનિટની અંદર ઘટનાસ્થળે પોલીસ પીસીઆર વાન સાથે પહોંચી શકશે. ત્યાર બાદ ઘટનાની તિવ્રતા મુજબ તે પોલીસ અન્ય ફોર્સ બોલાવવાની જરૂર પડે તે ત્યાંથી ફોર્સ મંગાવવા ઉપરી અધિકારીને જાણ કરશે. એસ.પી.ના આ નિર્ણયથી ગુનેગારો ઝડપથી પકડાઈ જવાની શક્યતા બમણી બની છે. તે ઉપરાંત ક્વીક રીસ્પોન્સને કારણે નગરજનોને પોલીસની મદદ પણ પાંચ મીનીટમાં મળી રહેશે.

તૈયારીઓ આરંભાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જગન્નાથજીની રથયાત્રાને અનુલક્ષી રથને રંગરોગાન કરવામાં આવી રહયુ છે. રથને શણગારવા માટે સ્વયંસેવકોની ટીમ કામે લાગી છે. જય રણછોડ માખણચોરના જયઘોષ સાથે નિકળનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં વિવિધ સંસ્થાઓ અમદાવાદના અખાડા ગ્રૂપ, તેમજ હાથી ઘોડા પાલખી જોવા મળશે. રજાના દિવસે રથયાત્રા હોવાથી ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહયો છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં જોડાવા માટે આબુ રોડથી ગજરાજ પધારશે. જયારે ભગવાનના મોસાળ જલારામ મંદિર ખાતે ૪૫૦૦ જેટલા ભકતોને પ્રસાદ પીરસવામાં આવશે. રથયાત્રાના આયોજનને અનુલક્ષી સેકટરોમાં રથયાત્રાના સ્વાગત માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભાવિકો પણ રજાના દિવસે રથયાત્રા હોવાથી ભગવાનના દર્શન તેમજ રથયાત્રાના સ્વાગત માટે ઉત્સુક બન્યા છે.